# રાધનપુર ફાયરીંગ કેસમાં ૫૧ આરોપીઓ નિર્દોષ

## ધારાસભ્ય શંકર ચૌધરી પણ નિર્દોષ જાહેર કરાયા

રાધનપુર, તા. ૨૯

૨૦૦૨માં ગોધરાકાંડના પડઘા સમગ્ર ગુજરાતમાં પડ્યા હતા અને ૧-૩-૦૩ના રોજ રાધનપુરમાં બપોર બાદ એકાએક તોફાનો ફાટી નિકળ્યા હતા. જેમાં ટોળાને વિખરવા માટે પોલીસ દ્વારા ફાયરીંગ થયું હતું. આ ઘટનામાં બે જણાના મોત થયા હતા અને આ ઘટનામાં રાધનપુર પોલીસમથકમાં ૫૦ થી વધુ જેટલા વ્યક્તિઓ સામે ગુનો નોંધાયો હતો અને આ ગુનામાં તે વખતના ધારાસભ્ય શંકર ચૌધરી સહીત રાધનપુરના ભાજપના આગેવાનોના નામ ખુલ્યા હતા અને અનેક આંટીઘુંટી વચ્ચે આ કેસનો આજે ચુકાદો આવતા ૫૧ આરોપીઓ નિર્દોષ સાબિત થયા હતા.

છેલ્લા ૧૨ વર્ષથી પાટણની કોર્ટમાં શરૂ થયેલ આ બહુ ચર્ચીત કેસની વિગતોમાં ૨૦૦૨માં ગુજરાતના રમખાણોમાં પાટણના રાધનપુરમાં પણ કોમી તંગદીલી છવાઈ હતી અને ૧-૩-૦૨ના રોજ રાધનપુરમાં કોમી હીંસા થઈ હતી અને ટોળાઓ સામ સામે આવેલ અને લૂંટફાટ, તોડફોડ આગજની જેવા બનાવો બન્યા હતા. દરમ્યાન આ પરિસ્થિતિને કાબુમાં લેવા માટે તે સમયે પોલીસે ફાયરીંગ કર્યુ હતુ. આ બનાવમાં બે જમાના મોત થયા હતા. દરમ્યાન આ બનાવની એફઆઈઆર રાધનપુર પોલીસ સ્ટેશનમાં ટોળાઓ સામે નોંધાઈ હતી. બાદમાં પંદર દિવસ બાદ તે સમયના ધારાસભ્ય શંકર ચૌધરી સામે પણ આંગળી ચિંધાઈ હતી અને તેમને પણ આ ગુનામાં સંડોવાયા છે તેમ કેસ દાખલ થયેલ અને સાથે સાથે રાધનપુરના ભારતીય જનતા પક્ષના આગેવાનો પણ સંડોવાયાનો આક્ષેપ થયો હતો. અને અનેક ચઢાવ ઉતાર આંટીઘૂંટી વચ્ચે આ કેસ પાટણની કોર્ટમાં આવેલ અને આજે ૧૨ વર્ષે આ કેસનો ચુકાદો આવ્યો હતો. સેસન્સ કોર્ટના જજશ્રી દામોદ્રા સાહેબે બંને પક્ષોની દલીલોના અંતે ૫૧ આરોપીઓ હતા તેમને નિર્દોષ જાહેર કર્યા હતા. અને આ ઘટનામાં રાજકીય હસ્તક્ષેપ પણ થયા હતા અને અંતે ચુકાદો આવ્યો હતો. કોર્ટના પરિસરમાં આવી પહોંચેલા વાવના ધારાસભ્ય અને કથીત રીતે સંડોવાયેલા શંકરભાઈ ચૌધરીએ જણાવેલ કે અમોએ ન્યાયની દેવી પર ભરોસો હતો અને અમે નિર્દોષ સાબિત થયા હતા. અમારી સામે રાજકીય ષડયંત્ર રચવામાં આવ્યું હતું.

## પાલનપુર નગરપાલિકામાં આજે પણ વેરો ભરપાઈ કરી શકાશે

પાલનપુર, તા. ૨૯

પાલનપુર નગરપાલિકા દ્વારા પાછલી કરવેરા બાકીદારો માટે દંડકીય વ્યાજમાં તા. ૩૧મી માર્ચ સુધી ૫૦ ટકા વળતરનો લાભ આપવાની જાહેરાત કરેલ છે.

આ વળતર યોજના હેઠળ નગરપાલિકા દ્વારા પાલનપુર શહેરના નગરજનો વધુમાં વધુ લાભ મેળવે તે દષ્ટિકોણને ધ્યાને લઈ રવિવારના દિવસે પણ વેરા ભરપાઈ કરી શકાય તે માટે ઓફિસ ચાલુ રાખવાનું પાલનપુર નગરપાલિકા પ્રમુખશ્રી હસમુખભાઈ પઢીયાર, કારોબારી ચેરમેનશ્રી, વિજયભાઈ જોષી તેમજ ચીફ ઓફીસરશ્રી યુ.ડી. સિન્ધા દ્વારા નિર્ણય લેવાયેલ છે. પાલનપુરના નગરજનોને તારીખ ૩૧મી માર્ચ સુધીમાં પાછલી બાકી કરવેરા ભરપાઈ કરી દંડકીય વ્યાજ વળતર યોજનાનો લાભ મેળવી પાછલી બાકી નાણાં ભરપાઈ કરી શહેરના વિકાસમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે.



અરવલ્લી જીલ્લાની ભિલોડા પ્રાથમીક શાળા નંબર-૨ ધોરણ.૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો.આ પ્રસંગે ભિલોડા પ્રાથમીક શાળા નંબર.૨ આચાર્ય પ્રેમીલાબેન,વર્ગ શિક્ષક ચેતનાબેન ડી.પટેલ,વર્ષાબેન પટેલ સહિત ભિલોડા પ્રાથમીક શાળા નંબર.૨નો સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.ભિલોડા સામાજીક કાર્યકર શાંતિલાલ ગણપતલાલ ત્રિવેદીએ વિદ્યાર્થીઓનું સન્માન કરી ખુબ-ખુબ ભણો,આગળ વધો તેવા આશીર્વાદ આપી વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી.

## ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાંથી બાઈક ચોરાયું

અરવલ્લી જીલ્લાના ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાંથી ૧૦,૦૦૦ ની કિંમતનું હિરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક ચોરાયું છે. ભિલોડા પંથકમાં અવાર-નવાર બાઈકો ચોરાતા બાઈક ચાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ અને એ.એસ.આઈ. દિતાજીના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકા પંચાયત કચેરી સામે આવેલ જોષી હોસ્પિટલના પાછળના ભાગમાં ઈમરાનભાઈ ઈસ્માઈલભાઈ મનસુરીએ પાર્ક કરેલ હિરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક નંબર.જી.જે.૦૯. એએ.૨૯૨ કોઈ અજાણ્યા તસ્કરો ચોરી ગયા છે.

## ડીસામાં બે ટ્રકની ટકકરમાં કલીનરનું કરૂણ મોત

ડીસા, તા.૨૯

ડીસા શહેરના દિપક ચાર રસ્તા પાસે પાલનપુર તરફથી શાકભાજી ભરીને આવી રહેલી એક ટ્રકે તેની આગળ ચાલી રહેલી બીજી ટ્રકને ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક વ્યકિતનું કરૂણ મોત નિપજયું હતું.

મહેસાણાથી શાકભાજી ભરીને રાજસ્થાન તરફ જઈ રહેલ ટ્રક નં. આર.જે. ૧૯ જીસી ૦૦૧૪ ડીસામાં દિપક ચાર રસ્તા પાસેથી પૂરપાટ વેગે પસાર થઈ રહી હતી ત્યારે તેની આગળ જઈ રહેલી ટ્રક નં. જીજે ૯ વાય ૮૨૫૪ને ટકકર મારતા તે ખાલી ટ્રક પલટી ખાઈને રોડ પરના ડીવાઈડર પર પડી હતી. આ દરમિયાન ટકકર મારનાર ટ્રકના ચાલકે પણ કાબુ ગુમાવતા તે ટ્રક પણ રોંગ સાઈડમાં ૫૦ ફૂટ દૂર આવેલ ડીવાઈડર સાથે ધડાકાભેર ભટકાઈ હતી. આ ટ્રકના કલીનર ગનીખાન કમરૂદીન મુસલમાન (રહે. જોડના, જિલ્લો-જોધા)નું ઘટના સ્થળે કરૂણ મોત નિપજયું હતું. આ ટકકર એટલી ભયાનક હતી કે મૃતકના ટ્રકની અંદર ફસાયેલા મૃતદેહને પતરા કાપીને બહાર કાઢવો પડયો હતો. આ ઘટનાને કારણે લોકોના ટોળેટોળા જમા થઈ ગયા હતા.



## જૈવિક વિવિધતાના સંરક્ષણ અંગે મેઘરજમાં શિબિર યોજાઈ

મેઘરજ, તા. ૨૯

મેઘરજ તાલુકાના ઝરડા ગામે હરિઓમ જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા વિકસિત અમદાવાદની નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ દ્વારા



'જૈવિક વિવિધતાનું સંરક્ષણ' વિષય પર શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં આદિવાસી સમાજના આગેવાનો અને મેઘરજ તાલુકાના વન અધિકારી પણ જોડાયા હતા.

વૃક્ષો કાપવા નહિ અને ફળાઉ વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણનું જતન કરવુ જેવા ઉમદા વિચારને કેન્દ્રમાં રાખીને યોજાયેલી 'જૈવિક વિવિધતાનું રક્ષણ' વિશેની આ શિબિરમાં આદિવાસી સમાજના આગેવાન અને મેઘરજ તાલુકાના પેન્શન મંડળના પ્રમુખ સુરેશભાઈ કપરા, પૂર્વ આચાર્ય અળખાભાઈ ડામોર, મેઘરજના ફોરેસ્ટર રણજિતસિંહ રાઠોડ, કાર્યકર સુરમાભાઈ પારથી, ઝરડાની પ્રાથમિક શાળાના આચાર્ય રમેશભાઈ દોઢા, તાલુકા ડેલીગેટ સુકાભાઈ તબીયાડ, યુવા વિકાસ મંચના પ્રમુખ નરેશભાઈ ડામોર સહિત અનેક લોકોએ હાજરી આપી હતી. આ શિબિરમાં પર્યાવરણના જતન અંગે તલસ્પર્શી માહિતી અપાઈ હતી.

## ચૂંટણીપંચ દ્વારા પાટણમાં મતદાન જાગૃતિ રેલી યોજાઈ

પાટણ, તા. ૨૯

ભારતીય ચૂંટણીપંચ દ્વારા લોકોમાં મતદાન પ્રત્યેની જાગૃતિ આવે તે હેતુથી સ્વીફટ કાર્યક્રમ અંતર્ગત આજે પાટણ સ્થિત બગવાડા દરવાજાથી આંગણવાડી કાર્યકર બહેનો, તેડાગર અને નર્સિંગ સ્ટાફની વિદ્યાર્થિનીઓની એક રેલીને પાટણના મુખ્ય ચૂંટણી અધિકારી એચ.એન. ઠક્કરે તેમજ નિવાસી નાયબ કલેકટર રાજયગુરુએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રેલીમાં આંગણવાડી કાર્યકર બહેનોએ બેનરો થકી લોકો લોકશાહીના મહાપર્વમાં વધુમાં વધુ મતદાન કરે અને મતદાન પ્રત્યે સજાગ બને તે માટેના સંદેશાઓ લખેલા હતા. આ રેલી બગવાડા દરવાજાથી પ્રસ્થાન પામી સુભાષચોક ખાતે આવેલા સરદારબાગે સહીઝૂંબેશમા પરિવર્તિત થઈ હતી. અને લોકશાહીના મહાપર્વને મજબૂત બનાવવા લોકોને પોતાનો મતાધિકારનો ઉપયોગ કરાવવા સહી કરાવી મતાધિકારના સોગંધ લેવડાવવામાં આવ્યા હતા. આ રેલીમાં છેવાડાના ગામડાની આંગણવાડી કાર્યકર બહેનો અને તેડાગર બહેનોને જોડીને ચૂંટણીતંત્રએ પ્રત્યેક ગામડાની મહિલાઓ પણ મતદાન વગર ન રહી જાય તે માટેનો સંદેશો પહોંચાડ્યો હતો.

## સરસ્વતી અને પાટણ તાલુકાના કોંગ્રેસી કાર્યકરોનું સંમેલન યોજાયું

પાટણ, તા. ૨૯

પાટણ સ્થિત ઉંઝા ત્રણ રસ્તા ખાતે આવેલા બાલાજી પાર્ટી પ્લોટ ખાતે કોંગ્રેસ પક્ષનું સરસ્વતી અને પાટણ તાલુકાનું કાર્યકર સંમેલન યોજાઈ ગયું. આ સંમેલનમાં લોકસભાના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર ભાવસિંહ રાઠોડ, પૂર્વ ધારાસભ્ય જોધાજી, ચમનજી, કાન્તીભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ભાવસિંહ રાઠોડે કાર્યકરોને ભારત સરકારની વિવિધ યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડી કોંગ્રેસ માટે મત માંગવાની અપીલ કરી હતી. આ સંમેલનમાં પાટણ અને સરસ્વતી તાલુકાના કોંગી કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સભામાં કાંકરેજ તાલુકાના થરા ખાતે તાજેતરમાં જ અપહરણ કરી મોતને ઘાટ ઉતારેલા પૂર્વ ધારાસભ્યના પ્રપૌત્ર જૈનમ શાહને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.



ખેડબ્રહ્મા-વિજયનગર રોડ પર આવેલ લક્ષ્મીપુરા ગામની કે.એલ. હોસ્પિટલ પાસે સહકારી મંડળીનો ડિઝલપંપ ઘણા સમયથી બંધ હાલતમાં હતા. લક્ષ્મીપુરા હોસ્પિટલના પ્રમુખ અંબાલાલ પટેલ, કિસાનસંઘના મંત્રી દિનેશ પટેલ તેમજ લક્ષ્મીપુરા સહકારી મંડળના ચેરમેન જગુભાઈ પટેલના ઘનિષ્ઠ પ્રયત્નોથી આ ડિઝલ પંપને ફરીથી ચાલુ કરાતા અંતરિયાળ વિસ્તારના લક્ષ્મીપુરા ગામ અને આસપાસના અસંખ્ય ગામડાઓના ખેડૂત ભાઈઓમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

## ખેડબ્રહ્મા-પોશીનામાં કાર્યકર સંમેલનમાં શંકરસિંહ વાઘેલાના ભાજપ પર આકરા પ્રહાર

### પોતાની જગ્યા માટે વિવેક દાખવીએ પણ વડીલોને ધક્કો ન મારીએ : શંકરસિંહ

ખેડબ્રહ્મા, તા. ૨૯

સાબરકાંઠા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાએ ખેડબ્રહ્મા અને પોશીના ખાતે કાર્યકરોની સભાઓ સંબોધી હતી. આ સભાઓમાં શંકરસિંહ ભાજપ પર આકરા પ્રહારો કરતા નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું હતું.

ખેડબ્રહ્માની તપોધન બ્રાહ્મણ સમાજવાડીમાં યોજાયેલ કાર્યકર સંમેલનને સંબોધતા શંકરસિંહ વાઘેલાએ નરેન્દ્ર મોદીને ટોણો માર્યો હતો કે પોતાની જગ્યા માટે વિવેક કરવાને બદલે વડીલોને ધક્કો ના મરાય. તેમણે પોતાની આગવી શૈલીમાં મોદીને નાગરિકોના પરસેવાના પૈસાને બીજા રાજ્યોમાં પોતાની જાહેરાત છપાવા માટે વાપર્યા હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

પોશીના ખાતેના કાર્યકર સંમેલનમાં શંકરસિંહ વાઘેલાએ પોતે વર્ગભેદમાં માનતા ન હોવાના દાવા સાથે રાજકારણમાં તેઓ માત્ર લોકસેવા કરવા અને બલિદાન આપવા માટે જ આવ્યા હોવાનું જણાવ્યું હતું. તેમણે પછાત વિસ્તારમાં શિક્ષણ સુવિધાઓ વિકસાવવા પર ભાર મુકતા કાર્યકરોને કેન્દ્ર સરકારની યોજનાઓ અંગે પણ માહિતગાર કર્યા હતા. પછાત વિસ્તારો પ્રત્યે રાજ્ય સરકાર ઓરમાયુ વર્તન કરી રહી છે તેવા આક્ષેપ સાથે તેમણે કાર્યકરોને કોંગ્રેસને બહુમતીથી જીતાડવાના કામે લાગી જવા અનુરોધ કર્યો હતો.આ સંમેલનોમાં શંકરસિંહ વાઘેલા સાથે અશ્વિન કોટવાલ, ડાહ્યાભાઈ પટેલ, મહેન્દ્રસિંહ સહિત અનેક કોંગ્રેસી અગણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજમાં શંકરસિંહ વાઘેલાની સભામાં એકનું ખિસ્સુ કપાયું : દસ હજારની ઉઠાંતરી

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાએ સભા યોજી હતી. આ સભામાં ઉમટેલી ભીડનો લાભ લઈ ખિસ્સાકાતરૂઓએ તેમનો કસબ અજમાવ્યો હતો. જેમાં એક વ્યક્તિના ખિસ્સામાંથી રૂપિયા દસ હજારની ઉઠાંતરી થવા પામી હતી.

છેલ્લા કેટલાક સમયથી પ્રાંતિજ તાલુકામાં ઘરફોડ અને પશુધન ચોરીની પ્રવૃતિઓએ માઝા મુકી છે. વળી આ સાથે ખિસ્સાકાતરૂઓ જેવા અસામાજિક તત્વો પણ બેફામ બની બેરોકટોક તેમની ગુનાહિત પ્રવૃત્તિ આચરી રહ્યા છે. સાબરકાંઠાની લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાની જાહેર સભામાં ઉમટેલી ભીડનો લાભ આ ખિસ્સાકાતરૂઓએ ઉઠાવ્યો હતો. પ્રાંતિજની નાની ભાગોળ વિસ્તારમાં રહેતા ગોવિંદભાઈ ભોઈ નામના વ્યક્તિ આ ખિસ્સા કાતરૂઓનો ભોગ બન્યા હતા. જેમના ખિસ્સામાંથી રૂપિયા દસ હજારની રોકડ સેરવી લેવાઈ હતી.

## ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામ પાસે જીપચાલકે બાઈકચાલકને ટક્કર મારતાં બે વ્યક્તિઓ ઘવાયા

ભિલોડા, તા.૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા-ચિઠોડા-વિજયનગર ધોરીમાર્ગ ઉપર આવેલ ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામ પાસેના પુલ નજીક ગોઝારા ભયાનક વળાંકમાં જીપ ચાલકે બાઈક ચાલકને ધડાકાભેર ટક્કર મારતાં બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘવાયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારફતે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.ભિલોડા કોટેજ હોસ્પિટલ મેડીકલ ઓફીસર ર્ડા. એ. એમ. વેકેરીયા સહિત સ્ટાફ પરીવારે પ્રાથમીક સારવાર ઈજાગ્રસ્તોને આપી હતી પરંતુ એક ઈસમને વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હોવાનું જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકાના ભટેળા ગામના રમેશભાઈ બરંડા અને પ્રકાશભાઈ બરંડા બાઈક ઉપર ટાકાટુકા ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે જીપ ચાલકે ધડાકાભેર બાઈક ચાલકને ટક્કર મારતા



બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘવાયા હતા.ભિલોડા તાલુકાના ભટેળા ગામના રમેશભાઈ બરંડાના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી જીપ ચાલક ફરાર થઈ ગયો હતો ત્યારે લોકોના ટોળે-ટાળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા. કોઈ અજાણ્યા જીપ ચાલક ઉપર ફીટકારની લાગણી લોકો વરસાવતા હતા. ભિલોડા તાલુકામાં અકસ્માતોનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતાં જાગૃત પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા છે. ભિલોડા તાલુકામાં અમુક પ્રાઈવેટ વાહન ચાલકો પુરપાટ ઝડપે ગફલતભરી રીતે વાહનો હંકારતા હોવાના કારણે અકસ્માતોનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતાં ચિંતાનું મોઝુ ફરી વળ્યું છે.

## પાટણમાં ચુંટણી કર્મચારીઓને માર્ગદર્શન અપાયું

પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના રંગભવન હોલ ખાતે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત મુખ્ય ચૂંટણી અધિકારી અને પાટણ કલેકટર એચ.એન. ઠકકરના અધ્યક્ષસ્થાને કર્મચારીઓને માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ચૂંટણી સંલગ્ન માહિતી પુરી પાડવાની સાથે સાથે કર્મચારીઓમાં ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી અને અન્ય ચૂંટણીઓ કરવા અલગ પ્રકારની હોવાનું જણાવી કર્મચારીઓને આ વખતે ઈવીએમ મશીનમાં 'નન ઓફ ધી એબોવ' એટલે કે નોટા બટન સુપ્રિમ કોર્ટના આદેશથી દાખલ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું અને મતદારો જેને પણ કોઈ પણ ઉમેદવાર પસંદ ન હોય તે આ બટનનો ઉપયોગ કરી મતદાન ચોકકસ કરે તે સંદેશો સમાજ સુધી પહોંચાડવા હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં ચૂંટણી સાથેની ફરજમાં સામેલ થયેલા કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ્ અ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧